# ટપંક

સંપાદક ટીમ
પ્રકાશ ભટ્ટી
દયા ચૌહાણ
વજુ ગોવિંદીયા

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર વર્ષ : ૧ અંક : ૭ ઓગષ્ટ,૧૯૯૯

## ગુજરાતની ગ્રામ પંચાયતોની દયનીય સ્થિતિ

આઝાદી પછી સ્વતંત્ર ભારતમાં ત્રિસ્તરીય પંચાયતી રાજ અમલમાં આવ્યુ.(ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત) ત્રણેય સ્તરની પંચાયતની સ્થિતિ ની જાણકારી જરૂરી છે. ગ્રામ પંચાયતમાં સરપંચ અને સભ્યો ચૂંટાઈ જાય છે છતા તેઓને સમગ્ર ચૂંટણી પ્રક્રિયાની ખબર હોય તેવા ઘણા ઓછા કિસ્સામાં જોવા મળે છે. ચૂંટાયેલ પ્રતિનિધિઓ માં મોટા ભાગના સભ્યો કે સરપંચ અભણ અથવા ઓછું ભણેલા છે. પોતાને કેવી ફરજ બજાવવાની છે. અને તેમને કયા કયા હક્કો મળેલા છે. તેની જાણ નથી માત્ર એટલી જ ખબર હોય છે કે હું ગ્રામ પંચાયતમાં સભ્ય / સરપંચ છું જેના કારણે પંચાયતમાં અન્ય લોકો કહે તેમજ સરપંચે/સભ્યોએ કરવું પડે છે.

ગામમાં વિકાસ કાર્યો માટે પંચાયતો દ્વારા કંઈ પ્રયત્નો થતા નથી અથવા તો પંચાયતો ના પ્રતિનિધિઓ જાણતા જ નથી કે વિકાસ માટે નાણા કયાંથી મેળવવા ફકત તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયત દ્વારા ફરજીયાત કામો આપવામાં આવે છે.પંચાયતો દ્વારા કરવામાં આવે છે. આ કામો વિકાસ લક્ષી નહી પણ સુવિધા લક્ષી હોય છે.સરપંચ તેમજ પંચાયતના સભ્યો તરીકે યોગ્ય વ્યકિતને ચુંટવા માટે ગામ લોકોએ જાગૃત થવાની જરૂર છે. રાજકીય પક્ષા–પક્ષી કે જ્ઞાતિવાદને ઘ્યાનમાં ન લેતા જે યોગ્ય છે તેજ સરપંચ કે સભ્ય તરીકે ચુંટાઈ તોજ ગ્રામ વિકાસ થઈ શકે. તે માટે જરૂર છે લોક ભાગીદારીની. ગ્રામ પંચાયતે વર્ષમાં ઓછામાં ઓછી બે વાર ગ્રામ સભા બોલાવવી જરૂરી છે. છતા કયાય ગ્રામસભાઓ થતી નથી માત્ર કાગળ પર જ દર્શાવી દેવામાં આવે છે. ગ્રામ સભા ન બોલાવવાના ઘણા બધા કારણો હોય છે. કયાક સરપંચ અને સભ્યો જાગૃત હોય ત્યાં લોકો ગ્રામસભામાં જતા નથી તો કયાંક સરપંચ, સભ્યોને રસ નથી. મોટા ભાગે એવું બને છે કે ગ્રામ સભા માટે ગ્રામ લોકો એકત્ર થતા નથી.કારણ કે

તેમનામાં ગ્રામસભા વિશે પુરતું જ્ઞાન નથી ગ્રામ સભામાં પોતાનું સ્થાન શું છે તે પણ ખબર નથી તો આના માટે દરેક ગ્રામજનો એ ગ્રામસભામાં અવશ્ય હાજરી આપી ચર્ચામાં ભાગ લેવો જરૂરી છે. આ કાર્ય લોકભાગીદારી થી જ શકય બને તેમ છે.

ગ્રામ વિકાસ માટે સરકારશ્રી દ્વારા તેમના જુદા જુદા વિભાગો દ્વારા શિક્ષણ, આરોગ્ય, ખેતિ, આવાસ, રોજગારી જેવી બાબતો માટે ઘણી યોજનાઓ ચાલી જેમાં જે ગામની અંદર આ યોજનાકીય કામગીરી ચાલતી હોય તે ગામની પંચાયતની સીધી સામેલગીરી હોતી જ નથી કારણ પંચાયત પાસે તે યોજના ચલાવવા માટેનું જરૂરી માળખું નથી કોઈ સ્વૈચ્છિક સંસ્થા આ કાર્ય જે તે ગામની અંદર સંભાળ તી હોય ત્યારે તે સંસ્થા અપૂરતા નાણાભંડોળ અને અપૂરતા સાધનો દ્વારા પણ તેની કામગીરી સારી રીતે ચલાવતી હોય છે. તે પણ આપણે જોઈ શકીએ છીએ ગામમાં કોઈ સંસ્થા, અવૈધિક જુથ કે વ્યકિતગત ધોરણે પણ વિકાસ કાર્યો હાથ ધરી શકાતા હોય ત્યારે પંચાયતે જાણવું જરૂરી છે કે પંચાયતનું જે કામ છે તે અન્ય લોકો કરી રહ્યા છે પંચાયત શા માટે કરતી નથી પંચાયત તો વૈધિક માળખું છે.જે તે ગામના લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓની સંસ્થા છે. વિકાસના દરેક કાર્યો માટે પંચાયત દરેક સંસ્થાઓમાં શ્રેષ્ઠ છે તેમના સદસ્યો / પદાધિકારીઓ એ આ વાતને ગંભીરતાથી લેવી પડશે.

ગ્રામસભા સશકિતકરણ તથા ત્રિસ્તરીય પંચાયતી રાજની સમજ કેળવવા અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાની દરેક ગ્રામ પંચાયતના સરપંચ સદસ્યો સાથે પત્રો દ્વારા સંપર્ક ચાલી રહયો છે. આ તમામ સરપંચશ્રીઓની એક બેઠક યોજવાનું પણ વિચારણામાં છે. શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર લોકો સાથે સંવાદ યોજે છે. ગુજરાતમાં આ માટેની કામગીરી ઘણી સંસ્થાઓ દ્વારા ચાલી રહી છે. જેમાં ઉન્નતિ દ્વારા ચાર નગર પાલિકાઓનો અભ્યાસ હાથ ધરાયો જેમાં જુલાઈ માસ દરમ્યાન અમરેલી નગરપાલીકાનો પણ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

## વોટરશેડ પ્રોજેકટ–જામકંડોરણા

વુક્ષ પ્રેમ સેવા ટ્રસ્ટ – ઉપલેટા દ્વારા જામકંડોરણા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી – રાજકોટના સહયોગથી ચાલતી વોટરશેડ યોજનાના [illegible] પૈકી ત્રણ ગામની મૂલાકાત 'ટપક' દ્વારા લેવામાં આવી.

રામપર ગામમાં આ યોજના હેઠળ ગામ લોકોએ ગ્રામવન, નાલાપ્લગ, ચેકડેમ વિ. કામગીરી હાથ ધરી છે. ગામના વિકાસમાટે કરવાના થતા મોટા ભાગના કામો આ યોજના હેઠળ આવરી લેવાયા છે. કુલ ખર્ચ રૂ/. ૧૪૦૨૪૩૫/– નો થયેલ છે. હાલમાં ગામના વોટરશેડ મંડળ પાસે રૂ/. ૧૪૬૦૦૦/– બચત છે. ગામ લોકો તથા શાખાના આચાર્ય અને વોટરશેડના મંત્રીશ્રી અશ્વિનભાઈના જણાવ્યા મુજબ મંડળ પાસેની આ બચત રકમ તથા હજુ દોઢ લાખ રૂપિયા બીજા બાકી છે. તે પૈકી હવે ગામમાં શું કામ કરવા તે નક્કી થઈ શકતું નથી કારણ કે તમામ કામગીરી ઉપરોકત ખર્ચાયેલ રકમમાં પૂર્ણ થઈ ગઈ છે. બોરીયા સહિત અન્ય બે ગામોમાં ગ્રાન્ટ ના અભાવે ગામ લોકો એ પોતે રોકાણ કરી અંદાજે પાંચેક લાખ રૂપિયાના કામો પોતાની રીતે કર્યા છે.પ્રેમજીભાઈ પટેલ તથા તેમની વોટરશેડ ટીમના સભ્યોની લોકોમાં જાગૃતિ લાવવા માટે અનોખી પધ્ધતિ જોઈ. ગામેડે ગામડે ગ્રામવનો બનાવવામાં આવ્યા છે અને ગામ લોકો તેની કાઈજી લઈ રહ્યા છે.

## ગ્રામિણ બહેનો માટે આવકના પૂરક વિકલ્પો

''આનંદી'' દ્વારા ભાવનગર તા. ૨થી ૩ જુલાઈ ના રોજ ગ્રામિણ બહેનો માટે આવકના પૂરક વિકલ્પો પર કાર્યશાળા યોજવામાં આવેલ. 'સેવા' માંથી આવેલ શ્રી લાભુ બહેન ઠક્કર ગુ.મ.સે.સં પ્રમુખ, શ્રી જયા બહેન વાઘેલા તાલીમકાર, નાબાર્ડના પ્રતિનિધિ, આનંદી ના કાર્યકરતાઓએ તેમના અનુભવો દ્વારા ગ્રામિણ બહેનોની આવક વધારવા માટે ધ્યાનમાં રાખવામાં આવતા મુદ્દાઓ ની માહિતી ૨૩ તાલીમાર્થી ઓને આપેલ છે.

## તાલીમકારો ની તાલીમ

અમદાવાદ FWWB દ્વારા તા.૫ થી ૮ જુલાઈ દરમ્યાન સ્વસહાય જુથ પર તાલીમ કારોની તાલીમ યોજવામાં આવેલ આ તાલીમમાં સંસ્થાના બે કાર્યકર ઉપરાંત ૨૩ તાલીમાર્થીઓ ઉપસ્થિત રહેલ.

## વોટરશેડ એન્જીનિયર સોસાયટી

તા. ૪/ ૭/ ૯૯ ના રોજ ગોંડલ મુકામે સૌરાષ્ટ્ર વોટરશેડ એન્જીનિયર સોસાયટીની રચના કરવામાં આવી આ સોસાયટીનું કાર્યક્ષેત્ર સમગ્ર સૌરાષ્ટ્ર તથા કચ્છના જીલ્લા પુરતુ રહેશે. આ સોસાયટીની રચનાનો મુખ્ય હેતું વોટરશેડ પ્રોગ્રામ હેઠળ કરવાનાં થતાં કામો તથા ગ્રામ વિકાસને લગતી કામગીરીને વેગવંતી બનાવવાનો છે.

આ સોસાયટીનાં પ્રમુખ તરીકે શ્રી ગોસ્વામી રમેશગીરી વલ્લભગીરી (સીદસર) તથા મંત્રી તરીકે શ્રી બોરડ સતિષ કુમાર એ. (ગોંડલ)ની સર્વાનું મતે નિમણૂંક કરવામાં આવી.

આ બેઠકમાં સૌરાષ્ટ્રના જામનગ, અમરેલી, રાજકોટ, જુનાગઢ વગેરે જીલ્લાઓના વોટરશેડ એન્જીનિયરોએ હાજરી આપી હતી. હવે પછીની મીટીગ તા. ૭/ ૮/ ૯૯, શનીવારનાં રોજ કોમ્પટેક કોમ્પ્યુટર્સ–કોલેજચોક, ગોંડલ (ફો નં: ૨૧૭૯૨) મુકામે રાખેલછે.

## બાળ મજુરી ઝુંબેશ

ભાવનગર મુકામે શૈશવ દ્વારા તા. ૧૭/ ૭/ ૯૯ ના રોજ 'બાળ મજુરી ઝૂંબેશ' ચિંતન શિબીર યોજાઈ ગયેલ જેમાં સંસ્થાના કાર્યકર પુર્વી ત્રીવેદી સહીત ૩૧ તાલીમાર્થીઓ એ ભાગ લીધેલ છે.

## સ્વસહાય જુથ મીટીગ

વોટરશેડ પ્રોજેકટ સાથે સંકળાયેલા ગામો ભાડ, પચપચીયા, પીપરીયા સ્વસહાય જુથ મીટીગમાં પ્રકાશભાઈ ભટ્ટી, ચંદુભાઈ રૈયાણી, દયા બહેન ચૌહાણ, પર્વી ત્રીવેદી ઉપસ્તિ રહી જુથ સક્ષમ બનાવવા, હિસાબી જાણકારી આપી હતી.

## યુવતી સંમેલન

તા. ૨૪ / ૨૮ ,ઓગષ્ટ '૯૯ દરમ્યાન વરસડા મુકામે આરોગ્ય પર યુવતી સંમેલન યોજેલ જેમાં ૧૦૦ જેટલી બહેનોએ ઉપસ્થિત રહિ મુંઝવતા પ્રશ્નો રજુ કરી માર્ગદર્શન મેળવેલ છે.

## નગર પાલીકાના શાશન અંગેના સહભાગી અભ્યાસ

ઉન્નતિ વિકાસ શિક્ષણ સંસ્થાન અમદાવાદ દ્વારા અમરેલીની નગરપાલીકાના શાશન અંગેના સહભાગી અભ્યાસ વિશે એક નોંધ તૈયાર કરવા માટે ૫ થી ૧૦ જુલાઈ દરમ્યાન અભ્યાસ હાથ ધરાયો.

જેમાં સંસ્થાના પ્રતિનિધિઓ દ્વારા નગરપાલીકા સામે કયા કયા પ્રશ્નો છે જેના કારણે તે સારી ચાલી શકતી નથી તેને ધ્યાનમાં લઈ નગરપાલીકાના પ્રમુખ, કાર્યોરેટરો, અધિકારીઓ અને સામાન્ય પ્રજાને વોર્ડ વાર મળીને તેમના મંતવ્યો લેવામાં આવ્યા આ ઉપરાંત અમરેલી શહેરનાં દરેક વોર્ડમાં ફરી પાલીકાના કામોનું અવલોકન કરી ચિતાર મેળવ્યો હતો.

## રાજુલા યુથ હોસ્ટેલ દ્વારા રાષ્ટ્રદેવોને શ્રધ્ધાંજલી

અમર શહીદોનાં પરિવાર કલ્યાણ અર્થે રાહતનિધી – શહીદીફંડ એકત્ર કરાયો.

દેશની અખંડીતતા તથા માતૃભૂમિની રક્ષા માટે દુશ્મનો સામે દિવસ રાત – ભુખતરસની પરવા કર્યા વગર જાનની બાજી લગાવી કારગીલ જંગનાં યુધ્ધ મોરચે તિરંગાની શાન કાજે હિન્દુસ્તાની સેનાનાં જવાં–મર્દ વિર યોધ્ધાઓએ શોર્ય અને સાહસનો દુશ્મનોને પરચો દેખાડી – હંફાવી સામી છાતીએ જંગ ખેલી અને આખરે રાષ્ટ્ર માટે પોતાનાં પ્રાણ અને દેહની આહુતિ મા ભોમને સમર્પણ કરી અમરત્વ અને શહાદતને વહોરનાર રાષ્ટ્ર દેવોને શત્ત શત્ત વંદન પાઠવવા માટે રાજુલા યુથ હોસ્ટેલ દ્વારા તા. ૩૦/ ૬/ ૯૯ નાં રોજ ભાવાંજલી કાર્યક્રમ યોજી તેમના આત્માની શાંતી માટે પ્રાર્થના કરી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી. અને રાષ્ટ્રીય શહીદી ફંડ માટે રૂ/. ૫૦૦૧/– ફાળો એકત્ર કરી શહીદીકુંડમાં મોકલી આપવા ઠરાવ પસાર કરવામાં આવ્યો. આ જવાબદારી યુનિટનાં ઉપપ્રમુખશ્રી પરેશ ચોટલીયાએ ઉપાડી હતી. આ પ્રસંગે રાષ્ટ્રીય ચેતના – દેશભકિત અને દેશદાઝની ભાવના દરેક સભ્યોમાં જાગી ઉઠે તે માટે દેરભકિતનાં ગીતોનાં સંગીતમય વાતાવરણમાં યુનિટનાં પ્રમુખશ્રી ડો. ડી.કે. લાડુમોર, ચેરમેનશ્રી ઉસ્માન કનોજીયા, જાયન્ટસગ્રુપનાં શ્રીવિજયભાઈ જોષી, મારૂતિ ગ્રુપનાં પ્રમુખશ્રી વિજયભાઈ કોટીલા વગેરેએ પ્રાસંગિક પ્રવચનમાં દેશપ્રેમની લહેરખી પ્રસરાવી હતી. સમગ્ર આયોજનને સફળ બનાવવા યુનિટનાં સેક્રેટરી શ્રી પી.પી. કાનાણી અને પી.આર.ઓ. શ્રી મનિષ વાળાએ પુરતી જહેમત ઉઠાવી હતી.

## બચત મંડળ હવે ધિરાણ કરે છે.

ગત દિનાંક – ૫/ ૭/ ૯૯ ના રોજ રાત્રીના ૮/ ૩૦ કલાકે શ્રીજી મહિલા મંડળ પચપચીયાની બેઠક સ્વામીનારાયણ મંદિરમાં યોજાઈ અને મને તેમાં ઉપસ્થિ રહેવાની તક મળી મંડળના સભ્ય શ્રી અમરીબેન ધીરાણની વિગતો આપતા કહે છે. કે અમારા મંડળના સભ્યશ્રી લલીતાબેન ભાલાળાને પોતાના ખેતરમાં વાવણી કરવા માટે 'બીયારણ' ખરીદવા રૂપિયાની જરૂરત ઉભી થઈ તેમણે મંડળની બેઠકમાં વાત મુકી તો રૂપિયા આપવા માટે મંડળના નિયમ મુજબ તેમને તેની બચતની ૮૦ ટકા રકમ મળી શકે પણ તેમને તો રૂ/. ૨૦૦૦/– જરૂર હતી માટે તેટલી બચત વાળા જામીનો લઈને અને પ્રતિમાસ ૨ ટકા નિભાવખર્ચ ની શરતે ગત માસે તેમને રૂપિયા આપ્યા આ રકમ તેમણે પાંચ માસ સુધીમાં પરત કરવી તેમ મંડળના સંચાલક શ્રી મંજુલાબેને પણ વાત કરી આ રકમ માટે બધા સહમત હતા.આશા છે. આ ઉદાહરણથી અન્ય મંડળ પણ પ્રેરણા લેશે.

## ટીમરવા ગામે સક્રિય સ્વસહાય જુથ

પંચમહાલના ટીમરવા ગામમાં ભીલ જ્ઞાતિના ગરીબ લોકો તેમજ કોળી જ્ઞાતિનાં સુખી લોકો રહે છે. ગામમાં કોળી જ્ઞાતિનું વર્ચસ્વ છે. ગામમાં દુલી બેન કડુભાઈ ભીલ સ્વસહાય જુથના લીડર છે. ત્રણ વર્ષ થી ગામમાં સ્વસહાય જુથ સક્રિય છે.

દુલી બહેનના કહેવા અનુસાર ગરીબ લોકોને અનાજ કે બિમારી માટે નાણાકીય જરૂરીયાત ઉભી થાય ત્યારે જમીનદાર પાસે જવું પડે તેને યોગ્ય લાગે તો જ નાણા વ્યાજે આપે અને એ પણ મહિને ૨૫ ટકા વ્યાજના દરથી

પંચમહાલ વિસ્તારમાં કામ કરતા 'આનંદી' સંસ્થાના સેજલ બહેન જયારે સ્વસહાય જુથ બનાવવા માટે લોકોને સમજાવવા માટે ગયા ત્યારે ગામના લોકો કહેતા કે આ બહેન ડોકટર છે. તે તમારા ઓપરેશન કરવા માટે આવ્યા છે. શરૂઆતમાં બહેનો મીટીગમાં ન આવતા તેમજ કશું બોલતા પણ ન હતા.

દુલિ બહેનના પતિ કડુભાઈએ દરેક બહેનોને કહ્યું કે આ બહેન તમારા ભલા માટે કહે છે. મંડળ બનાવવાથી આપણને ફાયદો છે. મંડળ શરૂ કર્યુ શરૂઆતમાં ૭ મહિના ૧૦ રૂ/. નિ બચત કરતા ત્યારબાદ ૨૦ રૂ/. ની બચત દર મહિને કરે છે. હાલ ૩ વર્ષ મંડળ શરૂ થયાના થયા છે. કુલ બચત ૨૦ હજાર રૂ/. થયા છે. આ મંડળના બહેનો છેલ્લા બે વર્ષથી નર્સરીનું કામ કરે છે. પહેલા વર્ષે ૧૦ હજાર વૃક્ષ અને બીજા વર્ષ ૨૦ હજાર વૃક્ષ વાવેલ છે. આ મંડળના બહેનો હવે જમીન દારો પાસે વ્યાજે નાણા લેતા નથી તેઓ પીયત માટેનું મશિન લેવાનું વિચારે છે. કારણ કે મશિનભાડાના એક કલાકના ૫૦ રૂ/. ભરવા પડે છે. દુલિ બહેને કહેલ કે હવે અમે જમીનદારો સામે લડીશું અમે વ્યાજે નાણા નહિ લેઈએ અને અમને જાણ થશે કે કોઈ આવા ગુનાખોરો પાસે થી વ્યાજે નાણા લે છે તો અમે લેવા દેશું નહિ.

**અટકાવો ભાઈ અટકાવો પાણીનો બગાડ અટકાવો**

**વૃક્ષારોપણ**

૫૦માં વન મહોત્સવ નિમિતે સંસ્થાએ ૧૦,૦૦૦ વૃક્ષ વાવવાનું વિચાર્યુ હતુ. તે અનુસાર સંસ્થાએ વોટરશેડ પ્રોજેકટ વિસ્તારના ૫ ગામો ભાડ, પચપચીયા, સાળવા, પીપરીયા, આંબલીયાળા માં ૬૫૦૦ જેટલા વુક્ષોનું ખેડુતોના ખેતરને શેઢે પાળે વાવેતર કરાવવામાં આવ્યું છે. આ વૃક્ષ કે જે ખરેખર ઉછેરવા માટે કાળજી લેવાના છે. તેવા ખેડુતોને જ આપવામાં આવ્યા છે.

**રાજેશના પુસ્તકો**

રાજેશ ભાઈ ડાભી ૩૧ વર્ષીય યુવા નવલકાર છે. તેમની બે નવલકથા ઓ લખેલ છે. (૧) સેંથી સજાવી પ્રિતના સિંદૂરથી – ૧૯૯૦ (૨) સુંદરી ,(નેસડાનો ગ્રામ્ય પરિસર) – ૧૯૯૬ ઉપરાંત ૧૯૯૯નું વર્ષ વૃધ્ધવર્ષ તરીકે માન્ય રાખ્યું છે. ત્યારે તેમણે વૃધ્ધોના જીવન પર મોટું પુસ્તક લખ્યું છે. તેમની કથા–વ્યથા પર કુલ ૬૦ કરતાં પણ વધારે લેખો લખ્યા છે

**સહાયતા**

મોડાસા રહેવાશી કેતન શાહ તેમના માતા – પિતા ગુજરી ગયા છે. આર્થિક સ્થિતિ નબળી છે. ગુજરાન ચલાવવા, અભ્યાસ માટે તેમને અન્ન, વસ્ત્ર, અર્થે આર્થિક સહાયની જરૂર છે. તો કેતન શાહ ને સહાયતા કરવા ઈચ્તા દાનવીરો એ નીચેના સરનામે સંપર્ક કરવો

મોડાસા
કેતન એસ. શાહ
ઠે. મોઢવાડા, ધોબીઢાળ,
મોડાસા – ૩૮૩૩૧૫
જિ. સાબરકાંઠા (ગુજરાત)

**સૈરાષ્ટ્રની ગ્રામિણ મહિલાઓનો મેળાવડો**

તા. ૧૬, ૧૭ ઓગષ્ટ ' ૯૯ દરમ્યાન 'આનંદી' દ્વારા રોજગારી / પુરક આવક તથા સૈરાષ્ટ્રની ગ્રામિણ મહિલાઓના મેળાવડા નું આયોજન ભાવનગર ખાતે થયેલ છે. જેમાં પરસ્પર પ્રશ્નો/ અનુભવોની અપ લે, સંઘર્ષ અને સફળતાની જાણ તથા અન્ય જુથો દ્વારા ટેકો વિ. મુદ્દાઓ ચર્ચવામાં આવશે.

**ખાંભા વિસ્તાર ના સ્વસહાય જુથો**

આપમેળે કાર્યરત થઈ રહેલા ખાંભા તાલુકામાં સાત સ્વસહાય જુથોના આગેવા બહેનોની બેઠક ૨ ઓગષ્ટ'૯૯ એ વોટરશેડ પ્રોજેકટ કાર્યાલય,આનંદી સોસાયટી ખાંભા મુકામે યોજાયેલ છે.

**ટી.સી.બી.ટી.**

તાલીમકારની ક્ષમતા વધારવા માટેની તાલીમ ઉન્નતિ દ્વારા તા. ૧૭–૨૩ ઓગષ્ટ '૯૯ એ વડોદરા ખાતે રાખવામાં આવી છે. બે તબક્કામાં યોજાઈ રહેલ આ તાલીમમાં પ્રથમ તબક્કામાં સહભાગી તાલીમની કુશળતા પર સમજ ઉભી કરવામાં આવનાર છે.

**નાબાર્ડ**

શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર દ્વારા અમરેલી જિલ્લામાં જે સ્વસહાય જુથોને ટેકો અપાઈ રહ્યો છે. તેવા જુથના તમામ સભ્યો (૧૨૧) માટે સક્ષમતા બાબતે તા. ૧૦/ ૮/ ૯૯ ના રોજ તાલીમ યોજવામાં આવી છે. આ તાલીમમાં સંસ્થાના નિષ્ણાંતો, નાબાર્ડ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તથા જે તે રાષ્ટ્રિયકૃત બેંક નો સહયોગ સાંપડેલ છે.

પુસ્તપ્રેષ–મુદ્રિત સામગ્રી
PL No.L2/6/Amr-91/99 - 16-2-99

પ્રતિશ્રી, ____________________
____________________
____________________
____________________

: ટપક કાર્યાલય :
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨)૨૩૫૨૫,૨૦૬૩૫

**તંત્રી : સુરેખા મહેતા , માલિક,મુદ્રક અને પ્રકાશક પ્રમુખ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**

**જળ છે. જીવન મહામુલુધન, જીવનની જેમ જ કરો જતન**